# આખરે જયરાજસિંહ પરમારે કેસરિયો ધારણ કરી લીધો..!!

## મોટી સંખ્યામાં કાર્યકરો સાથે પૂર્વ કોંગ્રેસ પ્રવક્તા જયરાજસિંહ પરમાર ભાજપમાં જોડાયાં : ગાંધીનગરના બે પૂર્વ કોર્પોરેટર પણ ભાજપમાં સામેલ : અત્યાર સુધી રેતીમાં વહાણ ચલાવ્યું, ઉલટી દિશામાં પતંગ ચગાવ્યો છતાં અપેક્ષા રાખી નહોતી, આજે પણ કોઇ અપેક્ષા નથી : જયરાજસિંહ

ગાંધીનગર, તા.૨૨ 'મેં અત્યાર સુધી રેતીમાં વહાણ ચલાવ્યું છે અને ઉલટી દિશામાં પતંગ ચગાવ્યો છે. હું કોઈ અપેક્ષાથી નથી આવ્યો પરંતુ એક નકામી સિસ્ટમથી કંટાળીને શક્તિશાળી સિસ્ટમ અપનાવી રહ્યો છું.' આ શબ્દો સાથે આજે ગાંધીનગરમાં કોબા સ્થિત ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે કોંગ્રેસના પૂર્વ પ્રવક્તા દિગ્ગજ યુવા નેતા જયરાજસિંહ પરમારે તેમના ટેકેદારો સાથે કેસરિયો ખેસ ધારણ કરી લીધો હતો. ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટિલે તેમને કેસરિયો ખેસ પહેરાવી ભાજપમાં સામેલ કર્યા હતા. જયરાજસિંહે આ પ્રસંગે કોંગ્રેસ પર ચાબખાં મારતાં કહ્યું હતું કે 'કોંગ્રેસમાં ૨૦ વર્ષથી હારતા નેતાઓ અમને શીખવાડતાં હતાં કે ચુંટણી કેવી રીતે જીતાય. કોંગ્રેસમાં નેતાઓને સતત હારવા છતાં કશું બદલવું નથી અને અહી સતત જીતવા છતાં બદલાવ આવે છે'.

અગાઉ કાર્યક્રમ સ્થળે જ્યારે જયરાજસિંહ પરમાર તેમના વાજતેગાજતે તેમના ટેકેદારો સાથે આવી પહોંચ્યા હતા ત્યારે ટેકેદારોએ 'જયરાજસિંહ તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ'ના બુલંદ નારાથી કમલમ્ સંકુલ ગજવી મુક્યું હતું. કાર્યક્રમના પ્રારંભે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, 'જયરાજસિંહ ૨૦૦૫-૦૬થી મારા મિત્ર છે અને મેં તે વખતે કહ્યું હતું કે તમારી વિચાતધારા ભાજપ જેવી છે તમે અહીં આવી જાવ, જોકે તેમણે મોડો પરંતુ પરિપકવ નિર્ણય લીધો છે'. પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી ગોરધન ઝડફીયાએ કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરતાં કહ્યું હતું કે 'જીતના બચના હૈ બચા લો, કોંગ્રેસ કા અબ તો અચ્યુતમ્ કેશવમ્ હોને વાલા હૈ. અત્યારે ભારતીય ઈતિહાસનો સુવર્ણ કાળ ચાલી રહ્યો છે માટે યુવાનો ખોટી જગ્યાએ સમય ના બગાડે. ભાજપમાં કોઈ પરિવાર કે વંશવાદ નથી'. આ સાથે તેમણે આગામી વિધાનસભામાં તમામ ૧૮૨ બેઠકો જીતવાનો હુંકાર કર્યો હતો. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીઓ રજનીભાઈ પટેલ અને પ્રદિપસિંહ વાઘેલાએ પણ સંબોધન કર્યા હતાં.

જયરાજસિંહ પરમારે કેસરિયો ધારણ કર્યા બાદ સંબોધન કરતાં કહ્યું હતું કે 'કોંગ્રેસમાં ૩૭ વર્ષ સુધી હું કાર્યકર રહ્યો પરંતુ મેં કોઈ અપેક્ષા રાખી નહોતી અને આજે ભાજપમાં પણ હું કોઈ અપેક્ષા સાથે જોડાયો નથી. અફસોસ છે કે, અમે તો રેતીમાં વહાણ ચલાવ્યું છે અને ઉલટી દિશામાં પંતગ ચગાવ્યો છે. પાર્ટીએ મને મિડીયાના બોક્સમાં કેદ કરીને રાખ્યો હતો. આ સાથે તેમણે સી.આર.પાટિલને ઉદ્દેશીને કહ્યું હતું કે 'હું કોઈ અપેક્ષા સાથે નથી આવ્યો, ક્ષત્રિયનો દિકરો છું, કંઈ માંગતો નથી બસ અમારું માન-સન્માન જાળવજો કેમ કે હું મારી સાથે એવા પાયાના કાર્યકરોને લઈને આવ્યો છું જેમણે ક્યારેય સ્વર્ણિમ સંકુલ નથી જોયું, તેમને તો બસ તેમના ગામ કે વિસ્તારનો વિકાસ થાય તેમાં જ રસ છે. હું ૧૪ વર્ષનો હતો ત્યારથી કોંગ્રેસની સેવા કરી ત્યારે વિચારધારા શું હોય એ પણ ખબર ન હતી. કોંગ્રેસની સિસ્ટમમાં જીતવાની શક્તિ મરી ગઈ છે. ત્યાં કાર્યકરોનું શોષણ થાય છે'. આ પ્રસંગે ભાજપ પ્રમુખ સી.આર.પાટીલે કહ્યું હતું કે 'કોઈ એક પાર્ટીનો કાર્યકર્તા પ્રવક્તા હોય તેને એવું લાગે કે તે રેતીમાં વહાણ ચલાવી રહ્યો છે તેનાથી નિરાશા જન્મે છે. આજે તેઓ અમારા પર વિશ્વાસ મૂકીને ૩૭ વર્ષની કારકિર્દી છોડીને ભાજપમાં જોડાયા છે. મેં તો નક્કી કર્યું હતું કે કોંગ્રેસમાંથી કોઈને લેવાના નથી અને તેમને હું લેવા પણ નથી ગયો પરંતુ તેઓ મને મળ્યાં અને અમારા અન્ય નેતાઓએ પણ મને કહ્યું કે આપણે તેમને લેવા જોઈએ. મેં તેમને પૂછ્યું કોઈ અપેક્ષા છે તો તેમણે કહ્યું મને કોઈ અપેક્ષા નથી. હવે તેમના માટે પાર્ટી નક્કી કરશે તેમને શું જવાબદારી આપવી.

### જયરાજસિંહ સહિત ભાજપમાં જોડાયેલા કાર્યકરોમાં કામ કરવાની પ્રતિભા, જવાબદારી પાર્ટી નક્કી કરશે : સી. આર. પાટીલ





### જયરાજસિંહ પરમાર સાથે ભાજપમાં જોડાયેલા કોંગ્રેસ નેતાઓ

- કરણસિંહ પરમાર પ્રમુખ વોર્ડ નં -૧૦ ગાંધીનગર)
- વિજયસિંહ વાઘેલા (ઉપ પ્રમુખ ગાંધીનગર શહેર)
- જયદીપસિંહ રાઠોર (સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા)
- બ્રિજરાજસિંહ ગોહિલ (યુવા નેતા ગાંધીનગર વોર્ડ -૫ કોંગ્રેસ ઉમેદવાર)
- કૌશિકસિંહ ચૌહાણ (મહામંત્રી અમદાવાદ કોંગ્રેસ)
- જયરાજસિંહ વાઘેલા (પૂર્વ કોર્પોરેટર ગાંધીનગર)
- રાકેશ પટેલ (પૂર્વ કોર્પોરેટર)
- અશ્વિન ગોસ્વામી (મેહસાણા જિલ્લા સોશ્યિલ મીડિયા પ્રમુખ)
- પ્રવિણસિંહ વિહોલ (મહામંત્રી મેહસાણા જિલ્લા કોંગ્રેસ)
- જૈમિન શુક્લ (ગાંધીનગર શહેર પૂર્વ મીડિયા સેલ ચેરમેન)
- ભાનુમતીબેન રોહિત (ગાંધીનગર શહેર પૂર્વ મહિલા પ્રમુખ)
- નવિંચંદ્ર પટેલ (પૂર્વ કારોબારી ચેરમેન મહેસાણા નગર પાલિકા)
- હિરેન મકવાણા (પૂર્વચેરમેન બાંધકામ સમિતિ મહેસાણા નગર પાલિકા)
- ચિરાગ બારોટ (પૂર્વ કોર્પોરેટર મહેસાણા)
- જયદીપસિંહ વાઘેલા (મંત્રી ગાંધીનગર શહેર કોંગ્રેસ)
- પ્રકાશભાઈ ખેમચંદભાઈ પ્રજાપતિ
- પૂર્વ શહેર કોંગ્રેસ પ્રમુખ ખેરાલુ
- પ્રમુખ ખેરાલુ તાલુકા ઈંટ ઉત્પાદક મંડળ મંત્રી ઉત્તર ઝોન સમસ્ત પ્રજાપતિ સમાજ

### જયરાજસિંહને હું ૨૦૦૫થી કહેતો હતો, હવે તેમણે પરિપકવ નિર્ણય લીધો છે : ઋષિકેશ પટેલ : જીતના બચાના હો ઉતના બચાલો, કોંગ્રેસ કા અચ્યુતમ કેશવમ્ હોનેવાલા હૈ : ગોરધન ઝડફીયા



### દિયા વહી જલેગા જીસમેં દમ હોગા

આજે ગેલમાં આવી ગયેલાં ભાજપના નેતા ગોરધન ઝડફિયાએ કરેલા જોશીલા પ્રવચનમાં તેમણે ચુંટણી સભાની અદાથી કહ્યું હતું કે "જીતના બચના હૈ બચા લો, અબ કોંગ્રેસ કા અચ્યુતમ્ કેશવ્ હોને વાલા હૈ". બીજી તરફ પોતાની



વાક્છટા માટે જાણીતા જયરાજસિંહ પરમારે ટૂંકું પણ ચોટદાર સંબોધન કર્યુ હતું જેમાં તેમણે શાયરાના અંદાજમાં કોંગ્રેસને ચેલેન્જ કરી હતી કે "અબ તો તૂફાન હી કરેગા ફેંસલા રોશની કા, દિયા વહી જલેગા જીસમેં દમ હોગા."



નગર રચના યોજના નં -૭ સરગાસણના ફાઈનલ પ્લોટ ૧૯૧,ફાઈનલ પ્લોટ ૧૮૭.૧૮૪ તેમજ ફાઈનલ પ્લોટ નં ૮ અને ૩ માં દબાણો દુર કરી રસ્તા ખોલવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગુડા અને મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા પ્લોટ ખુલ્લા કરવામાં આવ્યા હતા. ગુડા ઓથોરિટી હસ્તકના પ્લોટ હસ્તગત કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પ્લોટમાં દબાણ દુર કરવા તેમજ રસ્તા ખુલ્લા કરવા માટે ગુડાની ટીમ બુલડોઝર સાથે સ્થળ પર પહોંચી કામગીરી કરી રહી છે. આજે પણ આ વિસ્તારમાંથી દબાણો દુર કરી પ્લોટને ખુલ્લા કરાયા હતા.

# ડિફેન્સ એક્સ્પોના આયોજન માટેની એપેક્સ કમિટીની બેઠક સંપન્ન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ની તૈયારીઓની ગાંધીનગરમાં આયોજીત સમીક્ષા બેઠકમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનથી રક્ષા ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'નું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ અગત્યનું સોપાન સિદ્ધ થશે.

મુખ્યમંત્રીશ્રીએ દેશના રક્ષા રાજ્યમંત્રી શ્રી અજય ભટ્ટની સહ-અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આયોજીત ડિફેન્સ એક્સ્પોના આયોજન માટેની એપેક્સ કમિટીની યોજાયેલી બેઠકમાં કહ્યું કે, ૧૦થી ૧૪ માર્ચ દરમિયાન એશિયાના સૌથી મોટા ડિફેન્સ એક્સ્પોનું આયોજન સમગ્ર ગુજરાત માટે ગૌરવપૂર્ણ ઘટના છે.

મુખ્યમંત્રીશ્રીએ ભારત સરકારના રક્ષા મંત્રાલયને ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ના સફળ અને ભવ્ય આયોજન માટે રાજ્ય સરકારના સંપૂર્ણ સહયોગની પ્રતિબદ્ધતા આ સમિક્ષા બેઠકમાં વ્યક્ત કરી હતી.

રક્ષા રાજ્ય મંત્રી શ્રી અજય ભટ્ટે જણાવ્યું કે, ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ના આયોજનથી રક્ષા ક્ષેત્રના ઉદ્યોગો અને તે માટેના મૂડી રોકાણકારોને ગુજરાતમાં સ્થાયી થવાની તક મળશે. તેમણે ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ના આયોજન માટેની ગુજરાત સરકારની તૈયારીઓ અને વ્યવસ્થાઓને બિરદાવી હતી



રક્ષા રાજ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ડિફેન્સ એક્સ્પોની આ ૧૨મી આવૃત્તિ લેન્ડ, નેવલ અને હોમલેન્ડ સિક્યુરિટી સિસ્ટમ્સના પ્રદર્શન પરની મેગા ઈવેન્ટ છે. ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ મેજર ફોરેન ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (OEMs) ને ભારતીય સંરક્ષણ ઉદ્યોગ સાથે સહયોગ કરવાની તક પૂરી પાડશે.

'આઝાદીના અમૃત મહોત્સવ'ની ઉજવણીના વર્ષે આયોજીત ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ની થીમ 'પાથ ટુ પ્રાઈડ' છે જે ભારતના લોકોની સંસ્કૃતિ અને સિદ્ધિઓના ગૌરવશાળી ઈતિહાસને પણ પ્રદર્શિત કરશે, તેમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૬૩ દેશોના ૧૨૧ વિદેશી પ્રદર્શકો સહિત કુલ ૯૭૩ પ્રદર્શકો ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ માટે નોંધણી કરાવી ચૂક્યા છે.

### મનના ઉમંગો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

લગ્ન પત્યા પછી ફરી પાછી મહિલાઓ ગીત ગાતી ગાતી શેરીના નાકે જાય છે અને ઉકરડીની ઉત્થાપન કરે છે.તેમાં નીકળેલી સોપારી ભાણેજને આપી દે છે. અને ઉકરડીમાંથી કોઈ જણસ જો મળી આવે તો એના માલિકને સોંપી દેવાય છે. ઘરનો બધો કચરો એક જ જગ્યાએ નાખવામાં આવતો હોવાથી કોઈની વસ્તુ ખોવાઈ હોય તો મળી આવે એવી ઉમદા ભાવના આ વિધિ પાછળ રહેલી હોય તેમ લાગે છે. ઘણીવાર લોકો લગ્નની ધમાલમાં આ ઉત્થાપન કરવાનું ભૂલીયે જાય છે. અને ઉકરડી સદા તેમનું રક્ષણ કરતી રહે છે.

ઉકરડી નોતરતા વનમાળી રે
જડિયો છે સોનાનો ખૂંટો કે ગુજરમાળી રે
તેની ભરાવીશ કડી વનમાળી રે
શોભાવીશ જમણા કાને કે ગુજરમાળી રે
તાવડામાં ટીપું તેલ હાજી ને હરિયાજી
ક્યા વહુની છ્ઠ્ઠી કરી હાજી ને હરિયાજી
તખુ વહુની છઠ્ઠી કરી હાજી ને હરિયાજી
જનમ્યા ત્યારે નહોતી કરી હાજી ને હરિયાજી
માદીકરીની ભેગી કરી હાજી ને હરિયાજી

રાજસ્થાનમાં સ્ત્રીઓ જ્યારે ગીત ગાતી ગાતી ઉકરડી નોતરવા જાય છે ત્યારે દિયર અને ભાભી સાથે જાય છે. એક કુલડીમાં લાડવો મૂકે છે. સાથે કપડાનો ચાબખો રાખે છે. દિયર લાડવો લેવા આવે ત્યારે ભાભી તેને ચાબખાથી ફટકારે છે. પછી નક્કી કરેલી જગ્યાએ કુલડી અને રામપાતર દાટે છે.

કવિ દલપતરામે પણ ઉકરડી અંગેનું ગીત લખ્યું છે.

ઉકરડી નોતરતાં સુન બેનડી રે માદલિયો રણેઝણે રે
લાધ્યો છે સોનાનો ખીંટો રે માદલિયો રણે ઝણે રે.
તેનાં ઘડાવીશ ઠોળિયાં રે માદલિયો રણેઝણે રે
ઉકરડી નોતરતાં સુન બેનડી રે માદલિયો રણેઝણે રે
લાધ્યો છે રુપાનો ખીંટો રે માદલિયો રણે ઝણે રે.
તેનું ઘડાવીશ ઝાંઝરિયું માદલિયો રણેઝણે રે
ઉકરડી નોતરતાં સુન બેનડી રે માદલિયો રણેઝણે રે
લાધ્યો છે લોઢાનો ખીંટો રે માદલિયો રણેઝણે રે
તેનો ઘડાવીશ દીવડો રે માદલિયો રણેઝણે રે
સોવરાવીશ જમણા હાથે રે માદલિયો રણેઝણે રે.

એક જમાનામાં સ્ત્રીઓ માટે લગ્ન એ ગીતો ગાવાનો ભારે મોટો અવસર ગણાતો. ગામની વહુવારુઓ અને દીકરીઓ ગાણાંની રમઝટ મચાવતી. એવા જોરશોરથી ગાણાં ગવાતાં કે દૂર ખેતરમાં રખેવાળી કરવા ગયેલા ખેડૂત યુવાનને પણ એના શબ્દો સંભળાતા. કોઈ રસિયાને તો એની ઘરવાળીનો સાદ પણ નોખો તરી આવતો હશે. એ વખતે ઉકરડી નોતરવાનાં અને ઉઠાડવાના અલગ ગીતો હશે. પણ હવે બહેનોના કંઠેથી ગીતો સૂકાવાં માંડ્યાં છે ત્યારે બંને પ્રસંગે એકનું એક ગીત પણ સાંભળવા મળે તો એ કાનનું નસીબ ગણાય.

### ૧૪નાં મોત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરત ફરી રહ્યા હતા. ગઈકાલે રાત્રે લગભગ ૩.૨૦ વાગ્યે મેક્સ બેકાબૂ થઈને ઉંડી ખીણમાં પડી ગઈ હતી. તેમાં સવાર તમામ લોકો કકનઈ નિવાસી લક્ષ્મણ સિંહના પુત્ર મનોજ સિંહના લગ્નમાં સામેલ થવા માટે ગયા હતા. મોટા ભાગના મૃતકો લક્ષ્મણ સિંહના સગા સબંધી હોવાની માહિતી મળી રહી છે. અકસ્માત અંગે જાણ થતાં જ પોલીસ અને રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી ગઈ હતી.

### ડરતું નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિચારી રહ્યા છે અને પરિપક્વ લોકો જેવો વ્યવહાર કરી રહ્યા છે. આપણે દરેક ચીજનો સામનો કરવા તૈયાર નથી. જોકે તમારે રાતે ઉજાગરા કરવાનુ કોઈ કારણ નથી. તેમણે કહ્યુ હતુ કે, યુક્રેનના બે પ્રદેશો ડોનેટસ્ક અને લુહાન્સ્કને સ્વતંત્ર જાહેર કરીને રશિયાએ અગાઉ થયેલા કરારનો એક તરફી રીતે ભંગ કર્યો છે. આઠ વર્ષથી યુધ્ધનુ સમર્થન કરી રહેલુ રશિયા શાંતિ સ્થાપી શકે તેમ નથી. આ મુદ્દે મેં ફ્રાન્સ, જર્મની, અમેરિકા અને બ્રિટન સાથે વાત કરી છે. યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધના વાગી રહેલા ભણકારાના પગલે ભારત સરકારે યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને પાછા લાવવાનો નિર્ણય લીધો છે. ભારતે આજથી ભારત અને યુક્રેન વચ્ચે ત્રણ ફ્લાઈટ શરુ કરવાની જાહેરાત કરી છે. એર ઈન્ડિયાનુ એક વિમાન યુક્રેન રવાના કરી દેવાયુ છે. ભારતે આ માટે ૨૦૦ થી વધારે બેઠકોવાળા ડ્રીમલાઈનર વિમાનોને તૈનાત કર્યા છે.

### માર્ચિંગનો આદેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે ચેતવણી આપી હતી કે જો યુક્રેન હુમલાઓ બંધ નહીં કરે તો વધુ રક્તપાત માટે તે જવાબદાર રહેશે.પુતિને કહ્યું, યુક્રેન માત્ર અમારું પડોશી નથી, પરંતુ અમારા ઈતિહાસ, સંસ્કૃતિ અને આધ્યાત્મિક વિશ્વનો અભિન્ન ભાગ છે." તેઓ અમારા સાથી છે, અમારો પરિવાર છે અને ત્યાંના લોકો સાથે અમારો લોહીનો સંબંધ છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું, આધુનિક યુક્રેન સંપૂર્ણપણે રશિયા દ્વારા બનાવવામાં આવ્યું છે. આ પ્રક્રિયાની શરૂઆત ૧૯૧૭ ની ક્રાંતિ પછી જ થઈ હતી. તેમણે ઘણા ઐતિહાસિક ઉદાહરણો આપીને યુક્રેનને રશિયન સંસ્કૃતિ અને ઈતિહાસનો એક ભાગ ગણાવ્યો હતો. પુતિનની આ જાહેરાત સાથે હવે રશિયા માટે મોસ્કો સમર્થિત યુક્રેનિયન બળવાખોરો અને યુક્રેનિયન દળો વચ્ચેના સંઘર્ષમાં ખુલ્લેઆમ લશ્કરી દળો અને શસ્ત્રો મોકલવાનો રસ્તો સાફ થઈ ગયો છે.

રશિયાના નીચલા ગૃહે પણ ગયા અઠવાડિયે આવી જ અપીલ કરી હતી. પુતિને રશિયન સાંસદોને યુક્રેનના બળવાખોર વિસ્તારો સાથે સંધિઓ પર હસ્તાક્ષર કરવા વિનંતી કરી, જેથી તેઓ મોસ્કોનું લશ્કરી સમર્થન મેળવી શકે. તેમજ યુરોપિયન યુનિયનએ યુક્રેનના અલગતાવાદી પ્રદેશોને માન્યતા આપવાના રશિયાના પગલાને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું અને કહ્યું કે તે સામેલ લોકો પર પ્રતિબંધો લાદશે. તેણે યુક્રેનની સ્વતંત્રતા, સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે પોતાના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. આ પહેલા રવિવારે રશિયાએ યુક્રેનની ઉત્તરી સરહદો પાસે સૈન્ય અભ્યાસમાં વધારો કર્યો હતો.

### નિરિક્ષણ કર્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાયસણમાં નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. આર્થિક રીતે નબળા પરિવારો તેમજ મધ્યમવર્ગના લાભાર્થીઓને ધ્યાનમાં રાખી ગુડા દ્વારા હાલ ૩૪૬૦ જેટલા આવાસો તૈયાર કરવાનુ કામ ચાલી રહ્યુ છે. ગુડા દ્વારા નિર્માણ થઈ રહેલા આ આવાસોના બાંધકામમાં ગુણવત્તા જળવાઈ રહે તેમજ કામગીરી પણ ઝડપથી પુર્ણ થાય તે મામલે આજે ગુડના ચેરમેન ધવલ પટેલ અને કાર્યપાલક ઈજનેર વી જે શાહ સહિતની ટીમે ગુડા વિસ્તારમાં સ્થિત આવાસોની કુલ ૮ સાઈટો પર મુલાકાત લીધી હતી. ગુડાના ચરેમેને સ્થળ પર જઈને આવાસોના નિર્માણની કામગીરીનુ નિરિક્ષણ કર્યુ હતુ. જેમાં બાંધકામની ગુણવત્તા અને ઉપયોગમાં લેવાતા મટીરિયલ્સ અંગે પણ તેમણે જાણકારી મેળવી હતી. ગુડા દ્વારા પ્રથમ તબક્કામાં રાયસણ . ચિલોડા અને અડાલજમાં એલ આઈ જી આવાસો બાંધવામાં આવ્યા હતા જો કે આ આવાસોના નિર્માણના અંતે હાલમાં પણ અરજદારો અસંતોષની લાગણી વ્યકત કરી રહ્યા છે. આવાસોની જાળવણીનુ કામ યોગ્ય રીતે ન થયુ હોવાથી લાભાર્થીઓને પ્રાથમિક સુવિધાઓ પણ મળતી નથી જયારે આવાસોની જાળવણી મામલે પણ ગુડાને અવારનવાર રજુઆત પણ કરવામાં આવી છે. જયારે આ સ્થિતિ વચ્ચે ગુડાએ નવા આવાસો બાંધવાની યોજના હાથ ધરી છે. જેને અનુલક્ષીને ૩૪૬૦ જેટલા મકાનો નવા બાંધવામાં આવી રહ્યા છે. મધ્યમવર્ગ અને આર્થિક રીતે નબળા પરિવારો માટે નિર્માણ કરવામાં આવી રહેલા આવાસો વધુ સુવિધાયુક્ત અને મજબુત બને તે માટે પણ ગુડાના ચેરમેન સીધા સ્થળ તપાસ કરીને નિરિક્ષણ કરે છે. જેથી આવાસોના લાભાર્થીઓને રહેવા માટે યોગ્ય આવાસ મળી રહે ગુડા દ્વારા ગત બજેટ બેઠકમાં આવાસ નિર્માણ માટે પણ ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે ત્યારે ગુણવત્તાયુકત કામગીરીને ધ્યાનમાં રાખી વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.

### નવો ફ્લાયરઓવર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાસે બ્રિજ તૈયાર કરવા માટેનુ કામ આગામી ઓકટોબર મહીના સુધીમાં પુર્ણ કરી દેવાશે. આ બ્રિજ તૈયાર થતા આગામી દિવસોમાં ધોળાકુવા સર્કલ પર ટ્રાફિક જામની સમસ્યાનો અંત આવશે આ રૂટમાં જતા ટ્રાફિકની અવરજવર પણ વધુ સલામત અને સરળ બનશે. ચ-૦ થી ઈન્દિરાબ્રિજ વચ્ચેના રૂટમાં છેલ્લા ઘણાં સમયથી ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. એકબાજુ વાહનોની સંખ્યા વધતા ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં સતત માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. તેમાંય સવારે અને સાંજના પીક અવર્સમાં ટ્રાફિકની વિશેષ અવરજવર રહે છે. આ બ્રિજ નિર્માણનુ કામ પુર્ણ થયા બાદ આ સમસ્યાનો અંત આવશે. જયારે ગિફટ સીટી તરફ જવા માટે પણ સીધો રસ્તા મળશે. હાલ આ રૂટમાં કામ ચાલી રહ્યુ છે. ત્યારે સર્વિસ રોડ પરથી વાહનોની અવરજવર થાય છે. ટ્રાફિકની અવરજવરને અનુલક્ષી કોઈ સમસ્યા ન થાય તે માટે તંત્ર દ્વારા સિકસલેન સર્વિસ રોડ પણ તૈયાર કરી દેવાયો છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં છેલ્લા દોઢ દાયકામાં માર્ગો પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. આવા સંજોગામાં ઠેર ઠેર ઓવરબ્રિજ અને અન્ડર પાસ તૈયાર કરી ટ્રાફિક જંકશનને આવરી લેવાયા છે. જેથી રૂટમાં કોઈ જગ્યાએ ટ્રાફિક માટે અવરોધ ઉભો ન થાય એસ જી હાઈવેની જેમ ચ-૦ થી ઈન્દિરાબિજ સાથે જોડાયેલા આ માર્ગ પર નવા બ્રિજ અસ્તિત્વમાં આવતા વાહનચાલકોને રાહત થશે જયારે ગિફટસીટી તરફ જવા માટેનો સીધો માર્ગ પણ મળશે. જો કે હુજ કાર્યયોજના પુર્ણ થતા આઠ મહીના જેટલો સમય લાગશે.

### ઈ-બસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ની બેઠક ક્ષમતા ધરાવતી મીની બસ ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં દોડાવાશે. જયારે આ માટે નરોડા ખાતે ચાર્જીંગ સેન્ટર પણ તૈયાર કરી દેવાયુ છે. ત્યારબાદ તબક્કવાર ડેપોને વધુ નવી ઈ બસો પણ ફાળવવામાં આવશે. હાલની સ્થિતિએ ડેપોમાં ૮૪ જેટલી ડિઝલ બસો શહેરી બસ સેવાના રૂટમાં દોડી રહી છે. જેના આધારે પોઈન્ટની બસ સેવા અને શહેરી બસના રૂટોની સંચાલન કરવામાં આવી રહ્યુ છે. જયારે ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ હાલ ડેપો હસ્તક એક પણ બસ કીલોમીટર પુરા થઈ ગયા હોય તેવી નથી. અલબત્ત બધી બસો યોગ્ય રીતે રૂટમાં દોડી શકે તે મુજબની સ્થિતિમાં છે.

### ૧૫ નવા કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં નોંધાયેલા કેસોમાંથી મોટા ભાગે દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકાર રીતે થાયે તે જોવા તાકિધ કરી છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યું છે કે, આજે વધુ ૩૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આફવામાં આવેલ છે. રિકવરી રેટ ૯૨ ટકાને પાર થઈ ગયાનું તંત્રના આ સૂત્રોએ જણાવ્યું છે. શહેરમાં આજે ૧૧૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.